# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 25/05/2026** **Morning : 7.10 to 7.20**
**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **NCRB "ક્રાઈમ ઇન ઇન્ડિયા – 2024ના અહેવાલ અનુસાર રાષ્ટ્રીય સરેરાશ કરતાં ગુજરાતમાં ગુનાખોરીનો દર ખૂબ ઓછો; મહિલા અને બાળ સુરક્ષામાં ગુજરાત દેશભરમાં અગ્રેસર**
2. **રાષ્ટ્રપતિના હસ્તે ગુજરાતના પાંચ સહિત દેશભરના 66 નામાંકિત વ્યક્તિઓને પદ્મ પુરસ્કારથી નવાજવામાં આવશે**
3. **અમદાવાદના ચાંદલોડિયામાંથી ક્રાઇમ બ્રાંચે ચા, સાબુ, ઘી સહિતની વેચાતી નકલી ચીજવસ્તુઓ જપ્ત કરીને ત્રણની ધરપકડ કરી**
4. **MBA MCAમાં પ્રવેશ પ્રક્રિયાનો આજથી આરંભ**
5. **આઇપીએલ ક્રિકેટમાં ગઇકાલે દિલ્હી કેપિટલ્સે કોલકતા નાઇટ રાઇડર્સને 40રને હરાવ્યું**

---------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

# NCRB REPORT

NCRB "ક્રાઈમ ઇન ઇન્ડિયા – 2024ના જાહેર થયેલા અહેવાલ મુજબ રાષ્ટ્રીય સરેરાશ કરતાં ગુજરાતમાં ગુનાખોરીનો દર ખૂબ ઓછો હોવાનું તારણ બહાર આવ્યું છે.. વર્ષ 2024માં સમગ્ર ભારતનો સરેરાશ ક્રાઈમ રેટ 252.3 છે, જેની સરખામણીએ ગુજરાતનો ક્રાઈમ રેટ માત્ર 227.7 છે. દેશના કુલ 36 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ગુજરાત 12મા ક્રમે આવે છે.

મહિલા અને બાળ સુરક્ષામાં ગુજરાત દેશભરમાં અગ્રેસર છે તેમ આ અહેવાલમાં પ્રસિધ્ધ થયું છે. રાજ્યમાં દારૂબંધીના કડક અમલથી ગુનાખોરી રાષ્ટ્રીય સરેરાશ કરતાં ઘણી ઓછી હોવાનું ફલિત થયું છે..

દેશના 36 રાજ્યો/UTમાં મહિલા સુરક્ષા કેટેગરીમાં ગુજરાત 33મા સ્થાને, રાષ્ટ્રીય સરેરાશ 64.6 સામે રાજ્યનો ક્રાઈમ રેટ માત્ર 22.0 રહ્યો છે..

ગંભીર ગુનાઓના રેટમાં 16.5 સાથે ગુજરાતનું 31મું સ્થાન છે જ્યારે શરીર વિરૂદ્ધના ગુનામાં દેશના 62.1 સામે ગુજરાત 24.7 ના ક્રાઈમ રેટ સાથે 31મા ક્રમે છે..

"ખૂન અને બળાત્કાર જેવા ગંભીર ગુનાના ઇન્ડેક્સમાં દેશના 36 રાજ્યોમાં ગુજરાત 29મા ક્રમે રહેતા સૌથી સુરક્ષિત રાજ્યોમાં મોખરે છે. મિલકત સંબંધી ગુનાઓમાં ઓલ ઇન્ડિયા રેટ 57.9 સામે ગુજરાતનો 30.4 રેટ છે. આ અહેવાલને આધારે ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અત્યંત સુદ્રઢ અને સુરક્ષિત છે તેમ જાહેર થયું છે.

# PADM AWARD 2026

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે રાષ્ટ્રપતિ ભવન ખાતે 66 પ્રતિષ્ઠિત વ્યક્તિઓને વર્ષ 2026 માટે પદ્મ પુરસ્કારો એનાયત કરશે. ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ સહિતના મહાનુભાવો આ સમારોહમાં ઉપસ્થિત રહેશે.

આજે બે પદ્મ વિભૂષણ, છ પદ્મ ભૂષણ અને 58 પદ્મ શ્રી પુરસ્કારો એનાયત કરાશે. વર્ષ 2026 માટેના 131 પદ્મ પુરસ્કારોમાંથી બાકીના પદ્મ પુરસ્કારો સમારોહના બીજા તબક્કામાં એનાયત થશે.

ગુજરાતમાંથી સાહિત્ય અને શિક્ષણ ક્ષેત્રે રતિલાલ બોરીસાગર, કળા ક્ષેત્રે ઢોલવાદક મીર હાજી કાસમ, અભિનેતા અરવિંદ વૈદ્ય અને આખ્યાનકાર ધાર્મિકલાલ પંડયાને પદ્મ શ્રી એનાયત કરાશે. આ ઉપરાંત સમાજસેવા ક્ષેત્રે નીલેશ વિનોદચંદ્ર માન્ડલેવાલાને પણ પદ્મશ્રીથી સન્માનિત કરાશે.

પદ્મશ્રી પુરસ્કાર વિજેતા વરિષ્ઠ ગુજરાતી કલાકાર અરવિંદ વૈદ્યે કહ્યું હતું કે તેમને પદ્મશ્રી એવોર્ડ મળ્યો છે. તેનાથી તેમને આનંદ છે. પુરસ્કાર મળવા પાછળનું કારણ અંગે તેમણે કહયું હતું કે તેમની મહેનતને લોકોએ નિહાળી છે અને સરકારે પણ તેમની મહેનતને જોઇને તેની કદર કરીને પુરસ્કાર અર્પણ કર્યો છે.

(BYTE: ARVIND VAIDYA)

# LOCAL BODY

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચુંટણી બાદ જિલ્લા અને તાલુકા પંચાયત માટે પ્રમુખ અને ઉપપ્રમુખ તથા નગરપાલિકા અને મહાનગર પાલિકા હોદ્દેદારોની વરણી કરવામાં આવી રહી છે.

જે અંતર્ગત રાજકોટ જિલ્લા પંચાયતના પ્રમુખ-ઉપપ્રમુખની આજે વરણી થશે. ગઇકાલે પ્રમુખ – ઉપપ્રમુખ પદ માટે ઉમેદવારોએ ઉમેદવારી પત્રો ભર્યા હતા. આજે જિલ્લા કલેકટર ઓમપ્રકાશની અધ્યક્ષતામાં સામાન્ય સભાની પ્રથમ બેઠકમાં મળશે.જેમાં પ્રમુખ ઉપપ્રમુખની વરણી કરાશે.

જામનગર જિલ્લાની ધ્રોલ અને જોડિયા તાલુકા પંચાયતના પ્રમુખ-ઉપપ્રમુખની ગઇકાલે બિનહરીફ વરણી થઈ હતી.

બીજી તરફ વાપી મનપાની પ્રથમ બોર્ડ બેઠક 28 મેએ યોજાશે. જેમાં મેયર અને ડેપ્યુટી મેયરની ચૂંટણી અને સ્થાઈ સમિતિના 12 સભ્યોની પણ પસંદગી થશે.

# DUPLICATE ITEMS- AHMEDABAD

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચની ટીમે દરોડા પાડી સીગારેટ, અમુલ અને સાગર ઘી તથા અન્ય ઘરેલુ વપરાશની ચીજવસ્તુઓનો ડુપ્લિકેટ જથ્થો ઝડપી પાડ્યો. દરોડા દરમિયાન પોલીસે શહેરના ચંદલોડિયા વિસ્તારના બે ગોડાઉનમાંથી ડુપ્લિકેટ ચીજવસ્તુઓનો જથ્થો પકડી પાડ્યો હતો. આ ઘટનામાં 3 શખ્સની ધરપકડ કરવામાં આવી હોવાનું ક્રાઇમ બ્રાન્ચના પોલીસ અધિકારી ભરત પટેલે જણાવ્યું હતું.

(BYTE: BHARAT PATEL, ACP CRIME BRANCH)

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

.....................................

# MBA_MCA ADMISSION

MBA MCAમાં પ્રવેશ પ્રક્રિયાનો આજથી આરંભ થઇ રહ્યો છે. એડમિશન કમિટી દ્વારા જાહેર થયેલા કાર્યક્રમ મુજબ આજથી 30મી જૂન સુધી ઓનલાઇન નોંધણી કરી શકાશે. જ્યારે છ જુલાઇના રોજ કોલેજો અને બેઠકોની યાદી જાહેર કરાશે. જ્યારે નવ જુલાઇના રોજ પ્રોવિઝનલ મેરિટ લિસ્ટ જાહેર કરાશે અને 12 જુલાઇ સુધી મોક રાઉન્ડ ચોઇસ ફિલિંગ થશે..આ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ 14 જુલાઇના રોજ મોક રાઉન્ડની બેઠકોની ફાળવણીની જાહેરાત થશે. આ ઉપરાંત 13મી જુલાઇના રોજ ફાઇનલ મેરિટ જાહેર કરાશે. આ તમામ પ્રક્રિયા બાદ વિદ્યાર્થીઓ 19 જુલાઇ સુધી ફી ભરી શકશે અને 20મી જુલાઇથી શૈક્ષણિક સત્ર શરૂ થશે.

# NTA CUET EXAM DATE

રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી -NTAએ 28મી મે ના રોજ યોજાનારી સંયુક્ત યુનિવર્સિટી પ્રવેશ પરીક્ષા CUET-UG 2026 મુલતવી રાખી છે. સરકારની સૂચના મુજબ ઈદ-ઉલ-અઝહા-બકરીઈદની તારીખમાં ફેરફારને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. સુધારેલી પરીક્ષાની તારીખ ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે. વિદ્યાર્થીઓને અધ્યતન માહિતી માટે NTA ની સત્તાવાર વેબસાઇટ જોતાં રહેવાની સલાહ આપવામાં આવી છે. વધુ સ્પષ્ટતા માટે, NTA હેલ્પડેસ્ક નંબર 011-40759000 પર કે NTAના સત્તાવાર ઇમેઇલ પર સંપર્ક કરી શકાશે.

# DAMAN NIFT

કેન્દ્ર શાસિત પ્રદેશ દમણમાં નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફેશન ટેકનોલોજી, દ્વારા ગ્રેજ્યુએશન શો 2026 યોજ્યો. આ પ્રસંગે બે કોર્સના 41 વિદ્યાર્થીઓ સ્નાતક થયા.બેચલર ઓફ ટેક્સટાઇલ ડિઝાઇન 2022-26 ના પ્રથમ બેચના 21 વિદ્યાર્થીઓ અને માસ્ટર ઓફ ફેશન મેનેજમેન્ટના ત્રીજા બેચના 20 વિદ્યાર્થીઓનું સ્નાતક થયા હોવાનું નિફ્ટના નિદેશક સંજય શ્રી વાસ્તવે જણાવ્યું હતું.

(BYTE: DR. SANJAY SRIVASTAVA, DIRECTOR NIFT)

આ કાર્યક્રમ દરમિયાન યોજાયેલા પ્રદર્શનમાં ટેક્સટાઇલ ડિઝાઇનના વિદ્યાર્થીઓએ છેલ્લા છ મહિનામાં વિકસાવેલા તેમના ડિઝાઇન સંગ્રહો રજૂ કર્યા.

# DANG-CM

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ડાંગ જિલ્લાના પીપલદાહદ ગામની “શ્રી ગણેશ સખી મંડળ”ની બહેનોને તેમની સર્જનાત્મકતા, આત્મનિર્ભરતા અને મહિલા સશક્તિકરણ માટેના પ્રયાસોને બિરદાવતા અભિનંદન પાઠવ્યા છે. જણાવ્યું કે ભારતીય સંસ્કૃતિમાં નારીશક્તિને વિશેષ સ્થાન આપવામાં આવ્યું છે, અને આજે મહિલાઓ દરેક ક્ષેત્રમાં પોતાની પ્રતિભા દ્વારા આગવી ઓળખ ઉભી કરી રહી છે.

# WEATHER

અમદાવાદ સહિત રાજ્યભરમાં ગરમીનો પ્રકોપ યથાવત જોવા મળી રહ્યો છે. હવામાન વિભાગની આગાહી મુજબ રાજ્યમાં આગામી દિવસોમાં વરસાદની શક્યતા નહિવત છે. આગામી સાત દિવસ દરમિયાન રાજ્યનું વાતાવરણ શુષ્ક રહેશે તેમ હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માએ જણાવ્યું હતું.

**(BYTE: PRADEEP SHARMA, METEOROLOGICAL DEP. SCIENTIST)**

# SUJALAM SUFALAM YOJANA PORBANDAR

પોરબંદર જિલ્લામા સુજલામ સુફલામ યોજના અંતર્ગત કેનાલ ડીસિલ્ટિંગ, ડેમ રિપેરિંગ, તળાવ અને ચેકડેમ ઉંડા કરવા વધુ 106 કામોને મજૂરી અપાતા આ કામગીરી ધમધમી રહી છે.

આ કામગીરી અંતર્ગત જિલ્લામાં 4.62 લાખ ઘનમીટર જેટલું ખોદકામ થશે અને 4600 માનવદિનની રોજગારી ઊભી થશે.

સુજલામ સુફલામ જલ અભિયાન અને જળ સંચય જન ભાગીદારી 2.0 અંતર્ગત અત્યાર સુધીમાં અંદાજે 1732 લાખ રૂપિયાના ખર્ચે કુલ 263 જેટલા કામો હાથ ધરવામાં આવ્યા હોવાનું નોડલ ઓફિસર અને ઇન્ચાર્જ કાર્યપાલક ઇજનરે આર એ ઓડેદરાએ જણાવ્યું હતું.

(BYTE: R. A. ODEDARA, NODAL OFFICER)

# IPL CRICKET

IPL ક્રિકેટમાં, ગઈકાલે બે મેચ રમાઇ હતી. ગત રાત્રે કોલકાતાના ઈડન ગાર્ડન્સ ખાતે દિલ્હી કેપિટલ્સે કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) ને 40 રનથી હરાવ્યું. દિલ્હી કેપિટલ્સે કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) ને જીતવા માટે 204 રનનો લક્ષ્યાંક આપ્યો. જવાબમાં KKR 18.4 ઓવરમાં માત્ર 163 રન જ બનાવી શક્યું.

બેટિંગમાં ઉતરતા, દિલ્હી કેપિટલ્સે નિર્ધારિત 20 ઓવરમાં 5 વિકેટ ગુમાવીને 203 રન બનાવ્યા. અગાઉ કોલકાતા નાઈટ રાઈડર્સે ટોસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય લીધો. કુલદીપ યાદવને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો.

જ્યારે ગઇકાલે બપોરે વાનખેડે સ્ટેડિયમ ખાતે રાજસ્થાન રોયલ્સે યજમાન મુંબઈ ઈન્ડિયન્સને 30 રનથી હરાવ્યું. બેટિંગમાં ઉતરતા, રાજસ્થાન રોયલ્સે નિર્ધારિત 20 ઓવરમાં આઠ વિકેટ ગુમાવીને 205 રન બનાવ્યા. જવાબમાં, 206 રનના લક્ષ્યાંકનો પીછો કરતા, મુંબઈ ઈન્ડિયન્સે નિર્ધારિત 20 ઓવરમાં નવ વિકેટ ગુમાવીને 175 રન બનાવ્યા.

-----------------------------------------------